# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-05-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : FRIDAY** **National News**

### આકાશવાણી સમાચાર નિકીતા શાહ વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ઉત્તર પૂર્વ રોકાણકાર સમિટનું ઉદ્ઘાટન કરશે
2) CBI એ કિરુ હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટમાં ભ્રષ્ટાચારના આરોપમાં જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિક અને અન્યો સામે ચાર્જશીટ દાખલ કરી
3) સરકારે વંશીય હિંસા સંબંધિત કેસોની સુનાવણી માટે મણિપુરમાં વિશેષ NIA કોર્ટની રચના કરી
4) ઈરાનનાં પરમાણુ કાર્યક્રમ અંગેની મડાગાંઠ ઉકેલવા અમેરિકા અને ઈરાન વચ્ચે આજે વાટાઘાટોનો પાંચમો રાઉન્ડ યોજાશે
5) આઈપીએલ ક્રિકેટમાં, ગઇકાલે લખનૌ સુપર જાયન્ટ્સે ગુજરાત ટાઇટન્સને 33 રનથી હરાવ્યું

*****************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV. PM NORTHEAST SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ઉત્તર પૂર્વ રોકાણકાર સમિટનું ઉદ્ઘાટન કરશે. આ પરિષદનો ઉદ્દેશ્ય પૂર્વોત્તર ક્ષેત્રમાં ઉપલબ્ધ તકોને ઉજાગર કરવાનો અને વૈશ્વિક અને સ્થાનિક રોકાણોને આકર્ષવાનો છે.

આ અંગે વધુ માહિતી સાંભળીએ અમારા સંવાદાતા તરફથી

(બાઈટ -- આદર્શ)

આ બે દિવસીય પરિષદ સાથે ચાલી રહેલા  રોડ શો, ગોળમેજી બેઠકો અને રાજ્ય સરકારો અને ઉત્તર પૂર્વીય ક્ષેત્રની રાજ્ય સરકારોના સહયોગથી કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત રાજદૂતોની બેઠક પણ પૂર્ણ થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CBI - SATYA PAL MALIK

કેન્દ્રીય તપાસ સંસ્થા - CBI એ કિરુ હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટમાં ભ્રષ્ટાચારના આરોપમાં જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિક અને અન્ય પાંચ લોકો સામે ચાર્જશીટ દાખલ કરી છે વર્ષ 2022 માં, રાજ્ય સરકારે કિરુ હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટના નિર્માણમાં 2200 કરોડ રૂપિયાના કોન્ટ્રાક્ટમાં ભ્રષ્ટાચારની આશંકા વ્યક્ત કરીને સીબીઆઈ તપાસની વિનંતી કરી હતી. ગયા વર્ષે, સીબીઆઈએ આ સંદર્ભમાં દિલ્હી અને જમ્મુમાં આઠ સ્થળોએ દરોડા પાડ્યા હતા.

સીબીઆઈએ અન્ય જે વ્યક્તિઓ સામે ચાર્જશીટ દાખલ કરી છે તેમાં ચેનાબ વેલી પાવર પ્રોજેક્ટના તત્કાલીન ચેરમેન નવીન કુમાર ચૌધરી, પ્રોજેક્ટ ઓફિસર એમ.એસ. બાબુ, એમ.કે. મિત્તલ, અરુણ કુમાર મિશ્રા અને પટેલ એન્જિનિયરિંગ લિમિટેડનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MANIPUR - NIA COURT

સરકારે વંશીય હિંસા સંબંધિત કેસોની સુનાવણી માટે મણિપુરમાં વિશેષ NIA કોર્ટની રચના કરી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે, મણિપુર વડીઅદાલતના મુખ્ય ન્યાયાધીશ સાથે પરામર્શ કરીને, રાષ્ટ્રીય તપાસ એજન્સી દ્વારા તપાસ કરાયેલા કેસોની સુનાવણી માટે ચુરાચંદપુર જિલ્લામાં એક સત્ર અદાલતને વિશેષ NIA કોર્ટ તરીકે નિયુક્ત કરી છે. જાહેરનામામાં કહેવામાં આવ્યું છે કે વિશેષ અદાલતનો અધિકારક્ષેત્ર સમગ્ર મણિપુર સુધી વિસ્તરશે. NIA એ 3 મે, 2023 ના રોજ ફાટી નીકળેલી સાંપ્રદાયિક હિંસા સંબંધિત ત્રણ મુખ્ય કેસ પોતાના હાથમાં લીધા છે. આ કેસોમાં જીરીબામમાં છ મહિલાઓ અને બાળકોના અપહરણ અને હત્યા તેમજ અન્ય હિંસક ઘટનાઓનો સમાવેશ થાય છે.

ગુનાઓની ગંભીરતાને કારણે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તપાસ માટે એજન્સીને સોંપવાનો નિર્ણય લીધા પછી, નવેમ્બર 2024 માં NIA દ્વારા આ કેસ નોંધવામાં આવ્યા હતા. મણિપુરમાં હાલમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ છે, જે ૧૩ ફેબ્રુઆરીએ તત્કાલીન મુખ્યમંત્રી એન. બિરેન સિંહે ૯ ફેબ્રુઆરીએ રાજીનામું આપ્યા બાદ લાગુ કરવામાં આવ્યું હતું. રાજ્ય વિધાનસભા, જેનો કાર્યકાળ ૨૦૨૭ સુધી છે, તેને સ્થગિત કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# AMIT SHAH - YAMUNA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઇકાલે નવી દિલ્હીમાં યમુના નદીની સફાઈ, પીવાના પાણીનો પુરવઠો સુનિશ્ચિત કરવા અને દિલ્હીમાં ગટર વ્યવસ્થા સુધારવા માટે સર્વાંગી અભિગમ અપનાવવા માટે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. બેઠકમાં ગૃહમંત્રીએ કહ્યું કે યમુના માત્ર એક નદી નથી પણ શ્રદ્ધાનું પ્રતીક છે અને તેની સ્વચ્છતા સરકારની પ્રાથમિકતા છે.

શ્રી શાહે ભાર મૂક્યો કે દિલ્હીમાં યમુના નદી, પીવાના પાણી અને ડ્રેનેજનું આયોજન 20 વર્ષના વિઝન સાથે કરવું જોઈએ. દિલ્હીની પાણી વિતરણ કાર્યક્ષમતા વધારવાની જરૂરિયાત પર ભાર મૂકતા, કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે સમગ્ર શહેરમાં પીવાના પાણીનો પુરવઠો સુનિશ્ચિત કરવા માટે અસરકારક પાણી વ્યવસ્થાપન જરૂરી છે. તેમણે ગટરોની સફાઈ માટે વિશ્વ કક્ષાની ટેકનોલોજીના ઉપયોગ પર પણ ભાર મૂક્યો. આ બેઠકમાં ગૃહ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલ, જળ શક્તિ મંત્રી સીઆર પાટિલ અને દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

.....................................................................

# JAISHANKAR BERLIN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે જર્મનીની રાજધાની બર્લિનમાં યુરોપમાં ભારતીય રાજદૂતોના સંમેલનની અધ્યક્ષતા કરી હતી. શ્રી જયશંકરે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે કોન્ફરન્સમાં ઓપરેશન સિંદૂર અને આતંકવાદ સામે ભારતની શૂન્ય સહિષ્ણુતા નીતિ પર ચર્ચા કરવામાં આવી હતી. આ સાથે બદલાતા સમયમાં યુરોપ સાથે વધુ મજબૂત રીતે કેવી રીતે જોડાવું તે અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત’ કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ માસિક રેડિઓ કાર્યક્રમની 122-મી કડી હશે. લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800 ના માધ્યમથી મોકલી શકે છે. લોકો પોતાના વિચાર નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અથવા માય G.O.V. ઑપન ફૉરમના માધ્યમથી પણ મોકલી શકે છે. કાર્યક્રમ માટે મંતવ્ય અને વિચાર સ્વિકારવાનો આજે અંતિમ દિવસ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# RBI-INDIAN ECONOMY

રિઝર્વ બેંકે વૈશ્વિક પડકારો વચ્ચે દેશની આર્થિક મજબૂતાઈની શક્યતા વ્યક્ત કરી છે.

RBIએ ગઈકાલે જારી કરેલા મે 2025 ના બુલેટિનમાં ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રોમાં સતત વૃદ્ધિ, નાણાકીય બજારોમાં સુધારો સારા રવિ પાક અને અનુકૂળ ચોમાસાની આગાહીને કારણે કૃષિ માટે આશાસ્પદ ભવિષ્યની નોંધ લીધી છે. ખાદ્યપદાર્થોના ભાવમાં ઘટાડાને કારણે ફુગાવો જુલાઈ 2019 પછીના સૌથી નીચા સ્તરે પહોંચ્યો.ઉલ્લેખનીય છે કે વૈશ્વિક વેપાર પડકાર હોવા છતાં, ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# FINCH RATING

વૈશ્વિક રેટિંગ એજન્સી ફિચ રેટિંગ્સે આગામી પાંચ વર્ષમાં ભારતની જીડીપી 0.2 ટકા વધીને 6.4 ટકા થવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. ફિચે ભારપૂર્વક જણાવ્યું કે, ભારતની જીડીપી વૃધ્ધિનો સુધારેલો અંદાજ દેશમાં રોજગારીમાં વધારાનું મહત્વનું પ્રદાન સૂચવે છે.

આ સાથે ફિચે ચીનનો વૃધ્ધિ દર 0.3 ટકા ઘટીને 4.6 ટકા થવાનો અંદાજ વ્યક્ત કર્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# US IRAN TALKS

અમેરિકા અને ઈરાન વચ્ચે આજે ઇટાલીની રાજધાની રોમમાં પરોક્ષ વાટાઘાટોનો પાંચમો રાઉન્ડ યોજાશે.

એપ્રિલથી બંને દેશો વચ્ચે ચાર રાઉન્ડની વાતચીત થઈ છે. આમાંથી ત્રણ વાટાઘાટો ઓમાનની રાજધાની મસ્કતમાં અને એક રોમમાં થઈ હતી. આ વાતચીત ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર ચાલી રહેલા મડાગાંઠને ઉકેલવા અને અમેરિકાના પ્રતિબંધો હટાવવા માટે થઈ રહી છે. આ વાટાઘાટો ઓમાન દ્વારા હાથ ધરાયો છે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IPL

આઈપીએલ ક્રિકેટમાં, ગઇકાલે લખનૌ સુપર જાયન્ટ્સે ગુજરાત ટાઇટન્સને 33 રનથી હરાવ્યું

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં, રમાયેલી આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા લખનૌની ટીમે નિર્ધારિત 20 ઓવરમાં બે વિકેટ ગુમાવીને 235 રન બનાવ્યા. મિશેલ માર્શે 117 અને નિકોલસ પૂરને અણનમ 56 રન બનાવ્યા જવાબમાં, ગુજરાતની ટીમ ફક્ત 202 રન જ બનાવી શકી.લખનૌ તરફથી , વિલિયમ ઓ'રોર્કે 3 જ્યારે અવેશ ખાન અને આયુષ બદોનીએ 2-2 વિકેટ લીધી. મિશેલ માર્શને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો

આઈપીએલમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો થશે. આ મેચ લખનૌમાં સાંજે 7:30 વાગ્યાથી રમાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

આજના મોટા ભાગનાં અખબારોએ પ્રધાનમંત્રીએ બિકાનેરમાં અમૃત સ્ટેશનોનાં લોકાર્પણનાં કાર્યક્રમમાં ઓપરેશન સિંદૂર અંગે કરેલાં નિવેદનને હેડલાઇન બનાવી છે.

સંદેશની હેડલાઇન છે- સિંદૂર મિટાવવા નીકળેલાને માટીમાં મિલાવ્યાઃ મોદી

દિવ્ય ભાસ્કરની હેડલાઇન છે- હવે મોદીની નસોમાં લોહી નહીં, પણ ગરમ સિંદૂર વહે છેઃ મોદી

રાજસ્થાન પત્રિકા, ઇન્ડિયન એક્સપ્રેસ, ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ પણ આ સમાચારને પ્રથમ પાનાની હેડલાઇન બનાવી છે.

ઇડીએ તમામ હદો પાર કરી બંધારણનો ભંગ કર્યો-સુપ્રીમ.......આ હેડલાઇન ગુજરાત સમાચારની છે. બાકીનાં તમામ અખબારોએ પણ આ સમાચારને પ્રથમ પાને સ્થાન આપ્યું છે.

આ ઉપરાંત અમેરિકામાં ઇઝરાયેલી દૂતાવાસનાં બે કર્મચારીની હત્યા, ઉત્તરભારતમાં વાવાઝોડા અને વરસાદથી 51નાં મોત જેવા સમાચારો જોવા મળી રહ્યા છે.

સ્થાનિક સમાચારોમાં...

અમદાવાદમાં મેટ્રો રેલનો વીજ કેબલ ચોરાઇ જતા સાત કલાક સુધી વ્યવહાર ખોરવાયો, અમદાવાદમાં કોરોનાં કેસમાં સતત વધારો, ગુજરાતમાં બે ટકાથી ઓછી સ્કુલોને એ પ્લસ ગ્રેડ, પ્રધાનમંત્રી મોદીનાં ગુજરાતમાં બે દિવસનાં રોકાણ પૂર્વે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ બે દિવસ દિલ્હીમાં અને રાજ્ય સરકાર ઔદ્યોગિક વિકાસ માટે 12 ક્ષેત્રોની નવી નીતિ ઘડશે જેવા સમાચાર જોવા મળે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IMD WEATHER

હવામાન વિભાગએ આવતીકાલ સુધી કોંકણ અને ગોવામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે આગામી બે થી ત્રણ દિવસ કર્ણાટક, મધ્ય મહારાષ્ટ્ર, આંદામાન અને નિકોબાર ટાપુઓ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, છત્તીસગઢ, ગંગા પશ્ચિમ બંગાળ અને ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. ઝારખંડ, કેરળ, માહે, લક્ષદ્વીપ, મરાઠવાડા અને ઉત્તરાખંડમાં પણ આવી જ સ્થિતિની અપેક્ષા છે.

IMD એ હરિયાણા, પંજાબ, દિલ્હી, જમ્મુ, કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદમાં ભારે પવન અને વીજળી સાથે વાવાઝોડાની આગાહી કરી છે. નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરા સહિત ઉત્તરપૂર્વ ભારતના વિવિધ ભાગોમાં વાવાઝોડા અને વીજળી પડવાની પણ શક્યતા છે. દરમિયાન, આગામી બે-ત્રણ દિવસમાં પશ્ચિમ રાજસ્થાનમાં ગરમીનું મોજું ફરી શકે છે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .